નેબરહૂડ

એડવાઇસ ઍન્ડ ઇન્ફૉર્મેશન સર્વિસ

શું અમે તમને મદદ કરી શકીએ?

તમારી જરૂરિયાતો પૂરી પાડવી

લૉકલ સર્વિસીસ ડાઇરૅક્ટોરૅટના ૧૦ મતદાર વિભાગો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની જાળનો નૅબરહૂડ ઑફિસો એક ભાગ છે. કાઉન્સિલની સર્વ સેવાઓ વિષે ત્યાંના કર્મચારીઓ વિશાળ જ્ઞાન ધરાવે છે, અને તમને જે સેવાની જરૂર હોય તે મેળવવા તમને મદદ કરી શકે છે.

તેથી, ગમે તેવી સમસ્યા હોય, તે ઉકેલવા માટે અમારા કર્મચારીઓ ઉચ્ચ ગુણવત્તાની સલાહ અને માહિતી પૂરી પાડી શકે છે. અમે બૅનિફિટ વિષે બાબતો, પૈસાની ચિંતાઓ, કરજની મુશ્કેલીઓ અને સૉશ્યલ સૅક્યુરિટીની બૅનિફિટની માગણીઓ વિષે સલાહ આપી શકીએ છીએ. તમારી ઇન્ટરવ્યુ લેવા માટે અમે સામાજિક ભાષાઓની કુશળતાવાળા કર્મચારી મેળવવાની પણ વ્યવસ્થા કરી શકીએ છીએ.

સમાજમાં સ્થાપિત

તમે જ્યાં નિવાસ કરો, નોકરી કરો અથવા ખરીદી કરો ત્યાં અમારી 'વન સ્ટૉપ' નૅબરહૂડ ઑફિસો અને સલાહ આપતી ઑફિસો સ્થાપવામાં આવેલી છે. આ ઑફિસો આનંદકારક, ખુલ્લી રચનાવાળા દેખાવની છે અને અમુક પાસે બાળકોને દેખરેખ વગર રમવા માટે ક્ષેત્રો છે. મોટા ભાગની ઑફિસોમાં અશક્તિઓ ધરાવતા લોકો માટે સરળતાથી પ્રવેશ કરવાની સુવિધાઓ છે, પણ કૃપા કરી તમારો પ્રવાસ શરૂ કરો તે અગાઉ તપાસ કરો.

વધતી જતી માંગને પ્રત્યુત્તર આપવો

લગભગ એક મિલ્યન લોકોની વસ્તીવાળુ બર્મિંગહામ એક બહુ-સાંસ્કૃતિક શહેર છે. અમારી કચેરીની ઍપૉઇન્ટમૅન્ટની પદ્ધતિ અમને તમારી સાથે જલદી મુલાકાત કરવા શક્તિમાન કરે છે. અમે ૧ મિલ્યનથી વધારે પૂછપરછોનો જવાબ આપીએ છીએ અને દર વર્ષે ૪,૫૦૦ થી વધારે મુલાકાતો ઘરોમાં કરીએ છીએ. બર્મિંગહામમાં નિવાસ કરતા સર્વ લોકો પ્રત્યે અમારી સેવાઓનું વિસ્તરણ કરીને જે લોકો નેબરહૂડની મુલાકાત ન કરી શકે તેમને માટે અમારી સેવાઓ મેળવવાનું શક્ય કરવાનો અમારો ધ્યેય છે.

ગુણવત્તા પ્રત્યે વચનબદ્ધતા

અમારું ચાર્ટર માર્ક, કમ્યુનિટી લીગલ સર્વિસીસ ક્વૉલિટી માર્ક અને ઇન્વેસ્ટર્સ ઇન પીપલના પુરસ્કારો પુરાવા આપે છે કે નેબરહૂડ ઑફિસો સૌથી શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા માટે વચનબદ્ધ છે. સેવાનો ઉપયોગ કરનારાઓના મંતવ્યો પણ અમને નિયમિતપણે ઉચ્ચ પ્રમાણમાં મૂલ્યાંકન આપે છે.

અમારી સેવાઓને વિકસાવવા અને સુધારવા માટે અમે સેવાનો ઉપયોગ કરનારાઓ, કાઉન્સિલરો, કર્મચારીઓ, કાઉન્સિલનાં વિભાગો અને અન્ય સંસ્થાઓ સાથે વાતચીત કરી અને નીકટ રહીને કાર્ય કરીએ છીએ.

તમારો સમાવેશ કરવો

નેબરહૂડ ઑફિસો સ્થાનિક લોકો સાથે કાર્ય કરે છે અને તેમનાં જીવન પર અસર પાડે તેવા નિર્ણયો કરવા માટે તેમને સમાવિત કરે છે.

અમે પહેલોને ટેકો આપીએ છીએ જેથી કાઉન્સિલની સેવાઓ અને મતદાર વિભાગોમાં સ્થાપિત પ્રવૃત્તિઓ વિષે તમે વધુ પ્રમાણમાં કહી શકો.

ગુણવત્તા સેવાઓ મેળવવા માટે તમને બાંયધરી આપવી

અમારી સેવાનો ઉપયોગ કરનાર દરેક વ્યક્તિ તરફ અમારે ન્યાયપૂર્ણ અને સમાન વર્તન કરવું છે. તમારી પૂછપરછનો અમે વિવેકથી અને અસરકારક રીતે જવાબ આપશું.
અમારા અતિ મહત્વશીલ ગુણો (CORE Values) સમજાવે છે કે અમે નીચે પ્રમાણે હોઇશું:

કાળજી કરનાર	**નિખાલસ**	**પ્રતિયોગી**	**અસરકારક**
(Caring)	**(Open)**	**(Responsive)**	**(Effective).**

અમારો કેવી રીતે સંપર્ક કરવો

જો તમારે કાઉન્સિલને ટેલિફોન કરવો હોય તો ફોન કરો:
cont@ct birmingham: 0121 303 1111

અથવા કાઉન્સિલનો ઇન્ટરનેટ પર સંપર્ક કરો:
adviceline@birmingham.gov.uk

અથવા કાઉન્સિલની સેવાઓ અને ખુલવાના કલાકો વિષે સંપૂર્ણ વિગતો મેળવવા વેબસાઇટની મુલાકાત કરો:
www.birmingham.gov.uk/neighbourhoodoffices